તરીકે નજાત.

યાને

નજાતનો રસ્તો.

જેની અંદર તકલીદને લગતી બ: બતો આલીમોની
મુજ્તર્હી વી૦ છે.

રાહેનજાતના ગ્રાહકોને ૨૨ મી ભેટ.
બીજાઓ માટે વકફ.

બનાવનાર

હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ

અધિપતી "રાહેનજાત" અને "નુરેઇમાન" દુરરેગેબહા,
મખઝનુલ મસાએલ, તફસીર વી૦ ના કર્તા.

વકફ કરનાર

મુંબઇવાળા મોહીબ્બે અહલેબૈતે અતહાર.

માહે જમાદીઉલઅવ્વલ સન ૧૩૨૨ પ્રત ૨૦૦૦

જરૂરત હોય તેટલી અરધો આનો ટપાલનો મોકલી
મંગાવી લેવી.

મુસ્તાઅશરી પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ પાંચપટી.

ઈસ્લામી કીતાબો વી૦ નું ટુંક લીષ્ટ.

કુરઆને શરીફની ગુજરાતી તફસીર.

૧ કુરઆને શરીફની ઉમદા તફસીર અસલ અરબી ખુશનુમા આયતો તેની પાછળ તેજ આયતો ગુજરાતી શોભીતા મોટા હરફમાં તથા તરજુમો તે પછી તફસીર તાવીલ વી૦ વી૦ થી ભરપુર મોટા ૨૬૦૦ પેજમાં કે જે રોયલ ૮ પેજી **૫૨૦૦** પેજ થયાં તેના દસ દસ સીપારાના **૩** ભાગ છે. પાકા પુંઠા સાથે પોસ્ટેજ રજીસ્ટર સુધ્ધા દરેક ભાગના રૂ ૧૦)= ત્રણે ભાગના રૂ ૩૦॥= આફ્રીકા વી૦ ગા.. પાંચ ભાગ કર્યા છે પોસ્ટેજના તથા બે પુંઠાના રૂ. ૪॥ વધારે કુલ રૂ. ૩૪॥= હીંદુસ્તાનના પાંચ ભાગના રૂ. ૩૧॥॥=

અમ્માનો સીપારો તફસીર સાથે.

૨ અમ્માનો પારો—જેની અંદર ૩૭ સુરા છે, પહેલે અરબી ખુશનુમા હરફોમાં આયતો અને તેની પાછળ તેજ આયતો ગુજરાતી મોહટા શોભીતા ટાઇપમાં તેની નીચે ગુજરાતીમાં તરજુમો અને તે પછી તેની તફસીર છે હદીયો રૂ ૧॥ પોસ્ટેજ ૦)≡ આફ્રીકાના ૦।=

૩ હદીકએ શહાદત જેમાં ઉરદુ શીરીન બાષા ગુજરાતી મોટા હરફમાં ૪૦ મજલીસો છે પાકા પુંઠાની મોટા કદની છે. કીમત રૂ ૧॥ પોસ્ટેજ ૦)= આફ્રીકાના ૦। ઉંચા કાગળ વાળીનો રૂ ૧) વધારે.

૪ રાહેનજાત મીસીક ચોપાન્યું ઉમદા ઉમદા દીન ઈસ્લામની બાબતો હીકાયતો હદીસો કીસ્સા વી૦ થી ભરપુર ૩૨ પેજમાં નીકળે છે જેનું ૧૨ મું વરસ ચાલે છે વરસ ૧ ના અગાઉથી રૂ ૨)

૫ નુરેઈમાન બે માસીક ચોપાન્યું ઈમામે હુસયન અ૦ ની મુસીબતની રીવાયતો મરસીયા તથા સલામ વી૦ તથા મોઅજીઝા ફઝાએલ વી૦ ૩૨ પેજમાં નીકળે છે. ૧૦ મું વરસ ચાલે છે, વરસ ૧ નો અગાઉથી રૂ ૧) આફ્રીકા વી૦ નો રૂ ૧)≡ **રાહેનજાતના** ગ્રાહક ન હોય તેના ચાર આના વધારે.

તરીકે નજાત.

(નજાતનો રસ્તો.)

દીબાચો.

બિસમિલ્લાહિર રહેમાનિર રહીમ.

એ ખુદાએ પાક માટે તાઅરીફ છે કે જેના જલાલની હેબતથી તમામ ખલકત તેની તાબેદાર અને ફરમાંબરદાર થઈ, અને બંદાઓની ગરદનો એ તેની ઈબાદત અને તાઅતનો તોક પેહરી લીધો છે, અને તેની નજીકી અને રાજીપણું મેહનત સખતી અને કોશીશ વીના હાસીલ થઇ શકતું નથી, અને દોરૂદ તેના એ નબીયે બરકહ ઉપર કે જેને હિદાયત માટે મોકલવામાં આવ્યા છે, અને તે પયગમ્બરની આલ ઉપર કે જે પાક પરહેઝગાર અને બુઝુર્ગ છે, અને તેઓ એ લોક છે કે તેઓની અને તેઓના નાએબોની પેરવી કરવામાં નજાત છે.

અમ્મા બાઅદ અબ્દુલ્ઝઈફુલ્ઝલીલ હાજી **ગુલામઅલી વલદે હાજી ઈસમાઈલ** ખીદમતે મોઅમેનીમાં અરજ કરે છે કે ખુદાએતઆલાના લાખો કરોડો શુકર કે દીનબદીન દીન ઇસલામની તરક્કી થતી જાયછે અને ઇન્શાઅલ્લાહ થશે, પણ શેતાન મરહુદ આપણો એવો સખત દુશમન છે કે જેમ બને તેમ ફરેબ આપી લોકોને પોતાના મોકલ્લીદ અને પૈરવ બનાવા ચાહે છે, અને તેથીજ જાત જાતના ફીતના અને ફસાદ નાખ્યા કરે છે, તો જેમ જેમ તે શકી પોતાની શકાવત જાહેર કરે છે તેમ તેમ આપણ નાજી ફીરકાએ પોતાની સઆદત માટે તેના ફરેબથી બચવા અને તરીકે નજાત (નજાતનો રસ્તો) ઉપર મજબુત રહેવાના ઉપાયો કરવા જોઇએ.

હાલ સાંભળવામાં આવ્યું છે કે કોઈ કોઈ જગ્ગો એવી ચરચા ચાલી છે કે "**તકલીદ**" તે શું ? તકલીદ શામાટે કરવી ? ખુદા અને રસુલના હુકમ મુજબ ચાલવું વી૦ વી૦ તો આ બાબતમાં સેજ સમજ ફેર છે કાંઇ લાંબી અને ન સમજાય એવી બાબત નથી, અને એ સમજ ફેર છે એ બાબત ન સુધારવાથી લોકો અવળે મારગે દોરાઇ જઇ તકલીદ મુકી આપે અને પોતાની ખુશી મુજબ ઠીક પડે તેમ અમલ કરે તો અમલ

બાતીલ થઈ જાય અને ગુનાહ લાઝીમ થાય તેથી કેટ-
લાંક બીરાદરાને ઈમાની વ અખીલ્લાએ રૂહાનીએ આના
ખુલાસા માટે એક રીસાલો લખવા ફરમાશ કરી, તેથી
આ ખાકસારે લખનઊ જનાબ કીબલએ કાબા હુજ્જ-
તુલ ઈસલામ નાએબે ઈમામ હાકીમે શરાઅ મૌલાના
વમુકતાદાના સય્યદ મુસ્તફા સાહેબને કાગળ લખી એ
વીશે એક જુદોજ રીસાલો લખવા અરજ કરેલી અને
જે દીવસે મારૂં લખનઊ જવાનું થયું તે દીવસે એ
જનાબનો કાગળ આવ્યો તેમાં તકલીદ વીશે હાલ કોઈએ
પુછાવેલ ફારસીમાં સવાલની ફારસીમાં જવાબની નકલ
હતી, અને લખેલું કે તમો આ અસલ અથવા તેનો ત-
રજુમો કરીને છાપો, અને હું લખનઊ ગયો તે વખતે પણ
જે કાંઈ પુછવાનું હતું તે પુછ્યું.

હવે એ રીસાલો છાપવાની તાકીદી થઈ અને એક
બંદએ ખુદાએ તે વકફ કરવાના નાણાં પણ મોકલી આ-
પ્યાં તેથી મજકુર બાબતો વીશે મજકુર જનાબના આ-
વેલા સવાલ જવાબ, મન હઝુર રશાદ, મસાલેકુત્તકલીદ,
અને ઝીનતુલએબાદ વી૰ કીતાબોમાંથી ઈન્તેખાબ ક-
રીને આ રીસાલો લખી "તરીકે નજાત" નામ રાખ્યું,
અને આ મુબારક રીસાલો ખાસ ખુદા રસુલ ઈમામ
અને તેઓના નાએબોની ખુશનુદી માટે લખ્યો છે કે

દવા આ બીમારીની છે ? કેવી રીતે ફાયદો થશે તે તમોએ કેમ જાણ્યુ? તો વીચારો તે શું કહેશે? કે તારે પંચાતશું તને મારી ખાત્રી ન હોય તો બીજાની દવા કર, અને તને જવાબ શું આપુ તુ જહીલ છો હું જે જે કાયદા સીખ્યોછુ તે તને સમજાવુ તો તુ સમજીશ નહીં વીગેરે, તો આ મસાએલનું પણ એમજ છે કે આલીમો દલીલ જાણે છે તે જાણનાર હોય તેને બરાબર સમજાવી શકે, પણ કાંઈ પણ ઈલમમાં દખલ રાખતો ન હોય તેને શું સમજાવે, તેથી કહે છે કે દલીલ વીના મસલા ઉપર ચાલવું બીજું કાંઈ નથી.

તકલીદ કરવાનો બારમા ઈમામે હુકમ આપવો.

સાંભળેલી વાત એક તરફ પણ એક જગ્યોએ બારા મને એક શખસે કહ્યું કે તકલીદનું લફરૂં મુજતહેદોએ પેટ ભરવા વળગાડયું છે, અને જનાબે મીરઆગા સાહેબને જે મસલો પુછાએલોછે તેમાં સવાલની શરૂઆતમાં છે કે એક શખસ કહે છે કે માઅસુમ સીવાય બીજાની તકલીદ હરામ છે વી૦ તો જયારે માઅસુમ પોતેજ તક-

લીદ કરવાનો હુકમ આપે ત્યારે કાંઈ પણ વાંધા જેવું રહ્યું નહીં, બલકે તેથી ઉલટું વરતવું તે તેઓનો હુકમ તોડવા જેવું છે.

તકલીદનો મતલબ તો ઉપર લખવામાં આવ્યો હવે જાણવું કે આ ઝમાનામાં ખાસ હુજ્જતે ખુદા ઈમામે અસ્ર ખલીફતુર રહમાન સાહેબુઝ્ઝમાન કાએમે આલે-મોહમ્મદ સ૦ છે, અને તેઓએ જેને ઈઝન આપ્યું હોય તે તેઓ તરફથી હુજ્જત છે, અને ઈઝન બે જાતના છે એક "ઓમુમ" બીજું "ખુસુસ" ખુસુસથી મતલબ એ કે ખાસ નામ લઈને ઈઝન મળ્યું હોય કે ફલાણો શખસ મારો નાએબ છે જેમકે ગયબતે સુગરા*ના વખતમાં હઝરતના ખાસ નાએબો થયા હતા જેઓના નામ કીતાબોમાં લખ્યા છે, અને ઓમુમથી મતલબ એકે ખાસ નહીં પણ કેટલીક શરતો બયાન કરીને ફરમાવ્યું હોય કે આટલી શરતો જેમાં હોય તે મારો નાએબ છે, જેમકે ગયબતે સુગરા પછી ખુદાની મસલેહત ગયબતે કુબરાની થઈ એટલે હઝરત લાંબો વખત સુધી ગયબ રહે, તો એ વખતમાં અહકામે ખુદા બતાવનાર હુજ્જત જરૂર છે તેથી બારમા ઈમામે ફરમાવ્યું કે—

વ અમ્મામન કાન મેનલ ફોકહાએ સાએનન લેનફસેહી, મુખાલ

---

* થોડી મુદત સુધી નાએબ હતા તે દીવસો.

લેકન લેહુસાહો મોતીઅન લેઅમરે મવલાહો, ફઅલ અંવ્વા-મે અન યોકલદે હો—ખુલાસો એ કે લેકીન જે ફકીહો-માંથી ફકીહ (દીનનું ઈલમ જાણનાર) પોતાના દીનને સાંચવનાર હોય, અને પોતાના નફસની ખરાબ ખાહીશોથી ઉલટું વરતનારો હોય, અને પોતાના મવલાના હુકમની તાબેદારી કરવાવાળો હોય તો અવામ (બીજા લોકો) ઉપર લાઝીમ છે કે તેની **તકલીદ** કરે. અને જનાબે મીરઆગા સાહેબે જે જવાબ લખી મોકલ્યો તેમાં હઝરતે ઇમામે હસને અસકરી અ૦ ની તફસીરમાં હઝરતે સાદેક અ૦ થી એક લંબાણથી હદીસછે તેમાંથી ઉપર મુજબ લખેલ છે તેમાં એક વાકય વધારે છે તે **સાએનન લેનફસેહ** શબ્દ છે, અને તેનો મતલબ એ કે પોતાના નફસને ગુનાહોથી બચાવનાર, અને આ મતલબ ઉપરની બાબતમાં આવી જાય છે.

હવે અવી સીફાતોવાળાની તકલીદ કરવાનો હુકમ થયો, ઉપરાંત બારમા ઇમામ ફરમાવે છે કે "ફઈન્નહુમ હુજ્જતી અલયકુમ, વઅના હુજ્જતુલ્લાહે અલયકુમ" એટલે તેઓ મારા તરફથી તમારા ઉપર હુજ્જત છે. અને હું તેઓ ઉપર હુજ્જતે ખુદા છું, લ્યો આથી વધારે ચોખો હુકમ તકલીદ માટે શું જોઇએ, અને જેની તકલીદ થઈ શકે તે આલીમ માટે આઠ શરતો હોવી

જોઈયે, અને આશરે બારતેર જાતના ઈલમ જાણવા જોઇએ, ઉપરાંત કુવ્વએ કુદસીયાહ હાસીલ થવા જોઈયે કે તે બીજા ઈલમની જેમ ફકત સીખવાથી હાસીલ થતો નથી તે ખાસ ખુદા તરફથીજ છે કે જેને ચાહે બક્ષીશ કરે છે; અને મજકુર શરતો અને ઈલમનો ખુલાસો વાંચવો હોય તો અમોએ "મખઝનુલ મસાએલ" નામની કીતાબમાં લખ્યો છે તે વાંચો.

તો જ્યારે ખુદા તરફથી કુવ્વએ કુદસીયા હાસીલ થાય ત્યારેજ મુજતહેદ થવાય છે, ઉપરાંત ઉપર મુજબ ઈમામનું ફરમાનછે તો તકલીદ કરવી તે મુજતહેદની પયરવી નહીં બલકે ખુદા રસુલ અને ઈમામના હુકમની પયરવી થઈ.

આલીમોનો મરતબો, અને બારમા ઈમામે મુજતેહદની તારીફ કરવી, અને તકલીદના મસાએલ બયાન કરવાનો હુકમ આપવો.

મુજતહેદ થવું આસાન અને રમત નથી, ઘણી

મેહનત અને સખતીયો ઉપાડવી પડે છે તે વખતે એ દરજો હાસીલ થાય છે, નફસને તો તાબેદાર ગુલામ કરતા પણ વધારે કબજે રાખવો પડેછે, આલીમોએ ઇલમ સીખવામાં એટલી એટલી મુસીબતો વેઠી છે કે જે વાંચીએ તો દીલ ભરાઈ આવે છે, કેટલાંકને દીવો કરવા પૈશા ન હોવાથી રાતના ચંદ્રને અજવાળે અને લોકોની દુકાનના અજવાળે વાંચતા હતા, કેટલાંકને ખાવાનું ન મળવાથી તરબુજના છીલટા રસ્તામાંથી ઉપાડી ધોઇને ખાતા હતા, કેટલાંક ઘોડાની લાદમાંથી દાણા વીણીને ખાતા હતા, તો તેઓ શું મજુરી મેહનત કરતે તો પેટ ન ભરાતે ? પણ ઈલમ હાસીલ કરવાના શોખમાં ભુખ પ્યાસ સરદી ગરમીને કાંઈ સમજતા ન હતા, કેમકે ઈલમ સીખવાનો દરજો એટલો છે કે જેની હદ નથી, હદીસમાં છે કે એક આલીમ હજાર આબીદ અને ઝાહેદ કરતા અફ્ઝલ છે, આબીદ સીત્તેર હજાર રકાત પડે તે કરતા આલીમની એક રકાત બેહતર છે, હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે અએ અબુઝર ઈલમનો ઝીકર થાય ત્યાં એક કલાક બેસવું તે ખુદાને હજાર જહાદ કરતાં અને બાર હજાર વખત કુરઆન ખતમ કરવા કરતાં વધારે પસંદ અને પ્યારૂં છે, તહકીક તમો ઈલમના સબબથી હલાલને હરામથી ઓળખો છો, અને આપે

ફરમાવ્યું આલીમની તરફ નજર કરવી તે હજાર ગુલામ મુકત કરવા કરતાં બેહતર છે, હઝરતે રસુલે ખુદા સ૦ પાસે બે શખસ વીશે વાત થઈ કે એક શખસ ફકત વાજીબ નમાઝ પડીને લોકોને તાલીમ કરતો હતો, અને બીજો શખસ દીવસના રોઝા રાખતો અને આખી રાત ઈબાદત કરીને જાગતો, આપે ફરમાવ્યું જે તાલીમ કરતો હતો તેની ફઝીલત તે ઈબાદત કરનાર ઉપર એટલી છે કે જેટલી ફઝીલત તમારામાંના અદના શખસ ઉપર મારી ફઝીલત છે.

હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું છે કે "ઓલમાએ ઉમ્મતી કઅન્બીયાએ બની ઈસરાઇલ" એટલે મારી ઉમ્મતના આલીમો બની ઇસરાઇલના નબીયો જેવા છે, અને આથી ઈમામો મુરાદ નથી કેમકે ઇમામો તો બની ઈસરાઇલના આલીમો કરતાં અફઝલ છે, અને આલીમો બની ઈસરાઇલના નબીયો જેવા છે તે વીશે કસસુલ ઓલમામાં જનાબે મુકદસે અરદબેલીના અહવાલમાં લખ્યું છે કે—

એક રાત્રે એ સાહેબે સ્વપ્નામાં જોયું કે હઝરત રસુલે ખુદા સ૦ પાસે જનાબે મુસા પયગમ્બર અ૦ બેઠા છે, હઝરત મુસાએ જનાબે રસુલે ખુદાસ૦ને સવાલ કર્યો કે આ શખસ કોણ છે ? હઝરતે ફરમાવ્યું તેનેજ પુ-

છી જુવો. તે વખતે, જનાબે મુસાએ આ સાહેબને પુછયું કે તમો કોણછો? જનાબે મુકદ્દસે જવાબ આપ્યો મોહંમ્મદનો ફરઝંદ અહમદ, અરદબેલનો રેહવાસીછું, ફલાંણી ગલ્લીમાં ફલાણા ઘરમાં રહુછું. આ સાભળીને હઝરત મુસાએ ફરમાવ્યું કે મેં ફકત તમારૂં નામ પુછયું તમોએ આ તમામ તફસીલ શા માટે બયાન કરી ? તે વખતે જનાબે મુકદ્દસે જવાબ આપ્યો કે યા હઝરત ખુદાવંદે કરીમે તમોને પુછેલું કે તમારા હાથમાં શું છે ? તો તેના જવાબમાં શા માટે તમામ તફસીલ બયાન કરી ? ("નાજી" એ હકીકત એ મુજબ કે હઝરત મુસાને ખુદાવંદે કરીમે એક વખત પુછયું કે તમારા જમણા હાથમાં શું છે ? હઝરતે જવાબ આપ્યો આ મારી લાકડી છે જે વખતે ચાલતા ફરતા થાકી જાઉછું તો તેનાપર ટેકો આપુ છું; એના થકી હું બીચો માટે ઝાડના પાંદ ખેરવુંછું, એ ઉપરાંત તેના થકી બીજા મારા કામ થાય છે.) આ સાંભળીને હઝરત મુસાએ અરઝ કરી કે યા હઝરત મોહમ્મદ મુસ્તફા સ૦ આપે જે ફરમાવ્યું કે મારી ઉમ્મતના આલીમો બની ઈસરાઈલના પયગમબરો જેવા છે તે વાત સાચી છે.

આ જનાબની પરહેઝગારી અને બુઝરગી મશહુર છે, હઝરત અલી અ૦ ના રોઝામાં જઈ સલામ કરી તો

હઝરતે સલામનો જવાબ આપ્યો અને મસાએલનો જવાબ આપ્યો એવી કદરવાળા સાહેબ છે, આલીમો બની ઈસરાઈલના નબીયો જેવા છે તો નબુવ્વત અને ઈસમત વી૦ બાબત તે ખાસ અને જુદીજ વાત પણ બાકી તવકીર તાઝીમ વી૦ માં બંને શરીકછે, આલીમો નબીયોના ઈલમના વારીસ અને ઇમામોના નાએબ છે જેમકે કલેમએ તય્યેબાહુમાં તફસીલથી લખ્યું છે, અને મજકુર આલીમ તેમજ બીજા આલીમોના અહવાલ ઘણા વરસથી રાહેનજાતમાં લખીયે છીયે તે વાંચી જુવો.

અગર તકલીદ કરાવનાર આલીમોએ (તૌબા તૌબા) પોતાના પેટ માટે પોતા તરફથી તકલીદનું લફરૂ વળગાડયું હતે તો ઈમામ અ૦ તેઓની તારીફ અને મદદ ન કરતે, જુઓ જનાબે શેખ મુફીદ અઅલલ્લાહો મકામોહુનો અહવાલ એ જનાબની બુઝરગી માટે એજ બસ છે કે બારમા ઈમીમને હુકમ થયો કે તેઓને કાગળ લખીને માન આપે જેમકે કસસુલ ઓલમા, મીફતાહુશ્શફાઆહ, કલેમએ તય્યેબાહુમાં સેજસાજ ફેરથી લખે છે કે બારમા ઇમામ તરફથી જનાબે શેખ મુફીદને કેટલાંક કાગળો આવ્યા, તેમાં એક કાગળમાંના કેટલાંક વાકયમાં છે કે " આ લખાણ સત્યવકતા બીરાદર અને મોહીબ્બે સાલેહ શેખ મુફીદ મોહમ્મદ બીન મોહમ્મદ

નેઅમાનને મારે છે તેની બુઝુરગી ખુદા હમેશા રાખે,અને દીનમા ખાલીસ દોસ્ત તારા ઉપર સલામ થાય, અમો તને તાલીમ કરીએ છીએ, ખુદાએતઆલા તને હકની મદદના હમેશા તૌફીક આપે, અને તારો સવાબ વધારે કરે, અને અમોને ઇજાઝત મળી છે કે તને કાગજ લખીને તારી બુઝુરગી કરીએ, અને તને એ કામની તકલીફ આપીએ કે જે અમારા તરફથી અમારા દોસ્તોને પોતાના ઝરીઆથી પહોંચાડે

બીજા કાગળમાંના થોડા વાકયો—અએ બીરાદર દોસ્ત અને ખાલીસ અમારી મોહબ્બતમાં જે પાક છે અને અમારો વફાદાર મદદગાર તારી હીફાઝત ખુદા પોતાની એ આંખથી કરે કે જેને ઉંઘ નથી.

ત્રીજા કાગળમાંના વાકયો—આ કાગળ એના તરફ છે કે જેને હકનું ઇલહામ કરવામાં આવ્યું છે વી૦

એ જનાબની બુઝરગી વીશે એટલી બાબત બસ છે કે ઝમાનાના ઈમામ આવા બુઝુરગીના કલેમા ફરમાવે તે કાંઇ નાની એવી વાત નથી, એ જનાબની બુઝુરગી વીશે ત્રણ કરામતો વાંચો—

કરામત પેહલી—કોઈ એક ગામડાના એક શખસે આવીને સવાલ કર્યો કે એક ઓરત હમલવાળી ગુજરી ગઈ અને પેટમાં બચ્ચું જીવતું છે, હવે શું કરવું? એ જનાબે જવાબ આપ્યો કે મઇયતનું પેટ ચી-

રવું નહીં એમજ દફન કરી આપો, આ સાંભળી તે શખસ રવાના થયો, રસ્તામાં જોયું કે પાછળથી એક સ્વાર બહુજ જલદી આવે છે નજીક આવીને કહ્યું અય શખસ જાણ કે જનાબે શેખ મુફીદે કહ્યું છે કે તે ઓરતનું પેટ ચીરી બચ્ચું કાઢીને પછી દફન કરો. તે શખસે જઇ એ મુજબ અમલ કર્યો. થોડી મુદ્દત બાદ જનાબે શેખ મુફીદને એ બાબતની ખબર પડી તે વખતે આપે ફરમાવ્યું કે મેં કોઇને કેહવા મોકલેલ નથી; પણ એમ સમજાય છે કે તે બુઝરવગાર બારમા ઈમામ હઝરત મહેંદી અ૦ હતા, તો હવે મારાથી અહકામે દીનમાં ખતા અને ભુલ થાય છે, માટે બેહતર છે કે હવેથી ફતવો નહીં આપું અને કોઇને બતાવીશ નહીં એમ કહી ઘરનો દરવાજો બંધ કરીને બેઠા ત્યાં હઝરતે ઈમામે ઝમાન મહેંદી અ૦ તરફથી કાગળ આવ્યો કે તમો ફતવો આપો અહકામે દીન ચલાવો, જો ભુલ થશે તો અમો બતાવીશું અને સુધારી લેશું, આ હુકમ થવાથી એ જનાબ ફરીને ફતવો આપવા લાગ્યાં, અને આ મુજબ ગએબતે કુબરામાં આ સાહેબ માટે ખાસ કાગળ આવેલો.

કરામત બીજી—એક દીવસ એ જનાબે ખ્વાબમાં જોયું કે બગદાદની અંદર કરખ નામની મસજી-

દમાં પોતે બેઠા છે ત્યાં જનાબે ફાતેમએ ઝહરા અ૦ ઇમામે હસન અને ઇમામે હુસયન અ૦ ના હાથ પકડી આ જનાબની પાસે આવ્યા અને ફરમાવ્યું અએ શેખ આ મારા બચાઉને ઇલ્મેદીન સીખવ !!! આ સ્વપ્નું જોઇને એકદમ જાગી ગયા અને હૈરતમાં પડ્યા કે આ શું હશે ? અને મારી શું મકદુર કે ઇમામોને સીખવું અને જે સ્વપ્નામાં છમામોને જુવે તે સ્વપ્નું શએતાની હોયજ નહીં. પછી સવારના તેજ મસજીદમાં જઇને બેઠા કે જે સ્વપ્નામાં જોએલી ત્યાં જોયું કે જનાબે સઈ-યદ મુરતઝા અને જનાબે સઇયદ રઝી તેઓની વાલેદા આ બંને ફરઝંદોના હાથ પકડી કનીઝોને સાથે લઇને શેખ પાસે આવીને કહ્યું અએ શેખ આ મારા ફરઝંદોને ઇલ્મેદીન શીખાવ !!! તે વખતે પોતે સમજ્યા કે રાત્રે જે સ્વપ્નું આવેલું તેની આ તાઅબીર છે તે વખતે એ સાહેબ ઝાદાઓની તાઅઝીમ કરીને બહુજ ઇઝ્ઝત અને એહતેરામથી શીખવતા હતા; એ બંને સાહેબ આખેર મોહટા આલીમ મુજતેહદ થયા છે.

કરામત ત્રીજી—એક વખત એજ જનાબના મજકુર શાગીરદ સઇયદ મુરતઝાએ કોઇને કહ્યું કે ઘોડાપર ઝીન રાખો, તે વખતે આ જનાબ શેખ મુફીદે કહ્યું કે મેં આ ઝીન ઉપર કુતરાને પેશાબ કરતા જોએલ છે

તે નજીસ છે માટે પાક કરાવીને રાખો, જનાબે સઈયિદ મુરતઝાએ કહ્યું તમો એક જણ છો તે એક જણની ગવાહી પર યકીન કરવું જરૂર નથી, બે જણની ગવાહીપર યકીન કરવું જોઇએ, શેખે ફરમાવ્યું બે ગવાહીની ઝરૂર નથી બલકે એક ગવાહી બસ છે. આખર બંનેમાં એ મસલા બાબે તકરાર થઈ અને બંનેના મતથી એ સવાલ લખીને હઝરતઅલીઅ૦ના રોઝા મુબારકમમાં હઝરતની ઝરીહમાં નાંખ્યો. સવારના તે કાગળ પાછો મળ્યો તેનાપર જનાબે અમીરૂલ મોઅ-મેનીન અ૦ લખેલું હતું કે="અલહક્કો મઅલવલદી વ-શશયખો મોઅતમદી" યાઅને હક છે તે મારા ફરઝંદ તરફ છે અને શેખ પણ ભરોસેદારછે, એટલે શેખ મુફીદે જે કહ્યું તે પણ વ્યાજબી છે.

એ જનાબ ખુદાની રહમતે પહોંચ્યા તે દીવસ એવો હતો કે તેથી વધારે અઝીમ દીવસ એ સબબથી જોવામાં નથી આવ્યો કે જનાઝાની નમાઝમાં આઠ હ-જાર માણસ હતા અને બગદાદનું મેદાન તંગ થઈગયું, અને મજકુર જનાબ સઈયદ મુરતઝા સાહેબે તે-ઓના જનાઝાની નમાઝ પડાવી, અને દોસ્તો તેમજ દુ-શમનો પણ બહુજ રોતા હતા, એ શીવાય લખે છે કે એ જનાબની વફાત વિશે બારમા ઈમામે મરસીયો ક-હયો છે તેની કેટલીક બૈત એ જનાબની કબર ઉપર

લખેલી લોકોએ જોઈ તેનો ટુંક ખુલાસો એ કે "તારા મરવાની ખબર આલે રસુલ ઉપર બહુજ ભારે છે, તને માટીની નીચે સુવરાવ્યો પણ તારી ઝાતમાં અહલે વી૦ મ-વજુદ છે, અને જ્યારે તારી પાસે લોકો ઈલ્મ સીખતા હતા ત્યારે કાએમ મહેદી (બારમા ઇમામ) ખુશ થતા હતા.

હવે વીચારવાનું કે આવા આલીમ કે જેઓની શા-નમાં ઇમામ એવા ઊંગદા બુઝુરગીના કલેમા લખે, જનાબે ફાતેમા અ૦ ખ્વાબમાં આવીને ફરમાવે મારા હસન અને હુસેનને ઈલ્મ સીખવાડ (જેની તાબીર ઉપર આવી ગઇ) વળી મસલામાં શાગીરદ સાથે વાંધો પડયો તો જનાબે અમીરૂલ મોઅ-મેનીન અ૦ એ મુજબ જવાબ આપ્યો, એક મસલામાં ગફલત થઈ તો બારમા ઈમામે ભુલ સુધારીને ફરમાવ્યું કે તમો ફતવો આપવો બંધ ન કરો અહકામે દીન ચ-લાવો અમો ભુલ સુધારીશું વળી તેઓની વફાત પછી પણ એવા કલેમા ફરમાવ્યા કે સાબીત થયું કે છેલ્લા દમ સુધી સાબીત કદમ હતા, તો તેઓ તકલીદ કરાવતા હતા તે શું પેટ ભરવા લફરૂ વળગાડેલું? હાસલકલામ તકલીદ કરવી તે ખાસ ઈમામનો હુકમ છે અને ઈમામનો હુકમ તે રસુલનો હુકમ છે; તો તકલીદ કરવી હરામ તો એકતરફ રહી પણ લા-ઝીમ ઠરી, કેમકે અવામુન્નાસ તકલીદ ન કરે તો અ-મલમાં ખલલ છે, કેમકે જ્યાં સુધી ખુદા અને રસુલના હુકમને સમજે નહીં ત્યાં સુધી અમલ કેવીરીતે કરી શકે?

તકલીદ વીશે કેટલીક બાબતો.

કેટલાંક કહે છે કે તકલીદનું કામ નથી કુરઆન અને હદીસ ઉપર અમલ કરવો બસ છે, તો એ ખરી વાત છે, પણ જેને એટલું ઈલ્મ હોય કે કુરઆન અને હદીસને સમજીને અહકામે ખુદા કાઢી શકે તેના માટે તકલીદ નથી, એ કામ દરેક શખસનું ન હોય બલકે તે કામ મુજતેહદનું છે, અને મુજતહેદને તકલીદ કરવાનું નથી કેમકે તે એટલી તાકત રાખે છે, અને જે કુરઆનની તફસીરો થઈ છે તેમજ હદીસોની કીતાબો લખાએલી છે તે વાંચીને અહકામ કાઢી શકાતા નથી, કેમકે તેના કેટલાક અર્થ થાય છે, કોઈ હદીસમાં એવી બાબત લખી હોય છે કે વાંચનાર જાણે કે આ કામ તરક કરવું હરામ છે, પણ મકરૂહ હોયછે, કેટલીક મનાઈ એવી છે કે તે કરવી વાજીબ હોય એમ લાગે છે પણ તે સુન્નતે મોવક્કદહ (તાકીદ ભરેલી સુન્નત) હોય છે, કોઈ કોઈ બાબત એવી છે કે એકજ બાબત કેટલીક હદીસોથી હરામ સાબીત થાય છે અને કેટલીક હદીસોથી તેજ બાબત વાજીબ સાબીત થાય છે, હવે અમલ કરનાર જો હરામ છે તે હદીસો ઉપર આધાર રાખીને તે કામ ન કરે તો બીજી હદીસોમાં વાજીબ છે તેની રૂએ તે ગુનેહગાર થાય છે કે વાજીબ કામ તરક કર્યું, અને જો વાજીબ છે એ હદીસો ઉપર આધાર રાખીને અમલ કરે તો જે હદીસોની રૂએ

હરામ છે તે મુજબ હરામ કામ કર્યું, તો અવી અવી જ-ગ્યાએ લાબુદ છે કે એ હદીસોના ઇખતેલાફને અને મત-લબને સમજે અને જાણે કે હરામની હદીસછે તે તકીયાની રૂએ છે કે ઝઇફ છે વી૦ અથવા ફલાણી બાબત હોય તો હરામ છે નહીં તો નહીં વી૦ સમજી શકીને ફતવો આપી શકે તેને પુછીને અમલ કરવો જોઇએ અને તે-નુંજ નામ તકલીદ છે.

જેઓ હદીસો ઉપર અમલ કરવાનું કહે છે તેઓ વીશે જનાબે મીર આગા સાહેબ લખે છે કે આલીમો-ના હુકમ પ્રમાણે ચાલવા વી૦ની હદીસો છે કે ઈમામ ગાયબ હોય તે ઝમાનામાં તેઓની પૈરવી કરો અને જે અહકામ બતાવે તેના ઉપર અમલ કરો તે પ્રમાણે તે-ઓએ અમલ કરવો જોઇએ જેમકે હદીસમાં માઅસુમે શીઆહુઓને ફરમાવ્યું છે તેનો ખુલાસો એ કે અગર કાએમે આલે મોહમ્મદ (બારમા ઈમામ) અ૦ ની ગયબતના ઝમાનામાં શીઆહના એ આલીમો કે જેઓ લોકોને ઇમામોની ઈમામતનો ઇકરાર કરાવે છે, અને તે હીદાયત કરે છે તેઓ તરફ, અને દીને હકને નેક અને સારી દલીલોથી મજબુત કરે છે, અને ઈબલીસ અને શયતાનોના ફરેબમાં ફસાવાથી અને નાસબી અને ખા-રજીયોના શીકાર થવાથી ઝઈફ (કમસમજ) શીઆહુઓને બચાવે છે તેઓ નહતે તો કોઈ પણ ન રહતે પણ એ કે દીને હકને તજી દઈ "મુરતદ" થઇ જતે, પણ

મવસુફ આલીમો ઝઈફ શીઆહના દીલની લગામ પો-
તાના હાથમાં લઈ તેઓને ગુમરાહીથી બચાવે છે જેમકે
કપતાન કશ્તીની સુખાણુ પોતાના હાથમાં રાખી તેને
સાંચવે છે, તે હદીસ ઉપર કેમ અમલ કરતા નથી?

અને કેટલાંક કહેછે કે ખુદાનો હુકમ તો એકજછે
કે ફલાણું કામ કરો અથવા ન કરો, અને મુજતહેદોમાં
મતભેદ હોય છે, કોઈ કહે છે નજીસ ચીજ એક વખત
ધોવો, કોઇ કહે છે બે વખત તે કેમ! તો જાણવું કે
ઊસુલેદીનમાં તો સર્વેનો એકમત છે, હવે ફુરૂએદીન ન-
માઝ રોઝા હજ વી૰ માં પણ એકજમત છે, ફકત પુરૂ-
એદીનના અહકામ કે જે નાની નાની બાબત છે તે
વીશે હદીસો ઘણી વારીદ થઇ છે, ઇમામઅ૰ પુછનારને
તેની સમજ મુજબ તેના હાલ મુજબ અને ઝમાના મુ-
જબ જવાબ આપતા હતા, વળી કેટલીક હદીસો ઝઇફ
કેટલીક ખોટી પણ ભેળસેળ થઈ ગઇછે, તો તેથીજ હદી-
સો ઉપરથી હલાલ અને હરામનો હુકમ સમજીને સર્વેને
ચાલવાની રજા નથી, બલકે તેને સમજીને હલાલ અને
હરામનો ફતો આપે તેના કાઢેલા હુકમ મુજબ અમલ
કરવાનો હુકમ છે, હવે જે મુજતહેદની તકલીદ કરે તેણે
જે અહકામ ચુંટી કાઢયા તેના ઉપર અમલ કરવો બ..
છે, અને એજ ખુદાનો હુકમ છે, ભલે કોઈ મસલ..
માં મતભેદ હોય પણ આપણને કાંઇ બેઊ મત મુજ-
બ અમલ કરવાનો હુકમ નથી, ફકત એકમત ઉપર અમલ
કરે તે બસ છે અને તેના માટે ખુદાનો તેજ હુકમ

થયો, અને ઈમામ ગાએબ છે ત્યાંસુધી આ મતભેદ રહેવાનો, જે ઝમાનામાં જે શખ્સ હોય તે ઝમાનાના અહ્કામ મુજબ તેને ચાલવું વાજીબ છે, અને તમામ મસાએલમાં કાંઇ મતભેદ નથી કોઈ કોઈ મસાએલમાં છે અને તેથી કાંઈ તકલીફ નથી અને હોય તો શું થયું? રંજ, ખેંચ્યા વીના ગંજ મળતો નથી.

કેટલાંક કહે છે કે તકલીદની જરૂરત નથી અમો એહતીયાત ઉપર અમલ કરીએ છીએ, તો તે વિશે જનાબે શેખ ઝયનુલ આબેદીન સાહેબ અઅલ્લાહો મકામોહુ ઝીનતુલ એબાદમાં લખે છે તેનો ખુલાસો એકે અમલ સહીહ થાય છે **ઈજતહાદ** અથવા **તકલીદ** થી, તેમજ ત્રીજો તરીકો **એહતીયાત**નો છે તેનાથી પણ અમલ સહીહ થાય છે અને એહતીયાતનો તરીકો એ બન્નેથી સારો છે, પણ કેટલીક જગ્યોએ એહતીયાત થઈ શકતી નથી, જેમકે કોઈ કામ હરામ અને વાજીબમાં ગુંથાએલું હોય કે તે બંન્ને ન કરી શકે તેમજ ન તરક કરી શકે તો ત્યાં ઈજતેહાદ અથવા તકલીદ કરીને અમલ કરવો જોઈએ. એહતીયાતનું ઇલમ છે તે તેની સંપુરણ માહીતી મુજતહેદ સીવાય બીજાને ઘણા મસાએલ માં મુમકીન નથી વીગે તો તેથી ઈજતેહાદ અથવા તકલીદ બે ચીજ બાકી રહી, અને મનહુજ્જુરરશાદમાં પણ એહતીયાત વીશે લંબાણથી લખે છે તેમાંથી ટુંક એ કે ઘણા જગ્યો એવી છે કે એહતીયાત ઉપર અમલ કરનારો ખ્યાલ કરે છે કે એહતીયાત કરી છે, પણ બીજે રૂસ્ત એહતીયાતથી ઉલટું છે, તેના દાખલા આપીને

છેવટ લખે છે કે તો લાઝીમ છે કે "ઇજતેહાદ" અથવા તકલીદથી અસલ મસલાનો હુકમ શોધી કાઢીને પછી અગર એહતીયાત કરે તો "નૂરૂન અલાનૂર" એથી મતલબ બહુજ સારૂ, હવે વીચારવાનું છે કે મુજતહેદ શીવાય દરેક જણ થોડું ઇલ્મ રાખનાર ઘણેભાગે એહતીયાત જાણી ન શકે તો મારા જેવો શું સમજે?

કોઈ કોઈ કહે છે કે મુજતહેદો આપસમાં ઝગડે છે અને એક બીજાને ખરાબ લખે છે. તો તે વીશે જાણવું કે જેઓ પેપરો વાંચતા હશે તેઓ સારી રીતે જાણતા હશે કે પેપરોવાળા મોટા મોટા ઓહદાવાળા જેમકે જજ, ગવરનર, રાજાઓ વીશે કાંઈ ઇન્સાફમાં ભુલ વી૦ માલુમ પડે તો એવી રીતે લખે છે કે મારા જેવા વાંચનાર સમજે કે આતો બદનક્ષી થઈ આના ઉપર લાયબલ ચાલવું જોઇએ, વી૦ પણ તે લખનારા કાયદા અને કાનુનને અનુસરીને એવુ લખાણ લખે છે કે કાયદાની રૂએ કાંઈ ગુનાહ લાગુ થતોજ નથી, તો તેમજ શરાની બાબતમાં ઈલમની રૂએ આલીમો એક બીજાને લખે છે વી૦ બાબતોમાં ગુનાહ નથી, તેમ એક બીજાની દુશમનીથી લખતા નથી, અને ધારો કે કોઈ ઉલટે રસ્તે દોરાયો તો તે પોતાના દરજાથી પડી ગયો તેથી કાંઈ મઝહબને બટ્ટો નથી.

મસાએલ પુછવા અને કહેવા વીશે.

મસાએલનું કામ એવું છે કે મસાએલ બયાન કરવામાં સવાબ ઘણો છે, તેમજ સમજ્યા અને તપાસ

કર્યા વિના ખોટો મસલો બયાન કરવામાં ગુનાહ પણ [illegible]છે, જનાબે શેખ લખે છે કે બે આદીલને પુછીને અમલ કરવો, અને બે આદીલ ન મળે તો એક આદીલને પુછે, અને જનાબે મીર આગાસાહેબ લખે છે કે ભરોંસા વાળાને પુછીને અમલ કરે વી૦ અને દરેક જણુને દરેક વખતે જવાબ આપવો મુજતહેદ ઉપર વાજીબ નથી [illegible]કે તેમાં કેટલીક શરતો છે જેમકે ઝીનતુલ એબાદમાં લખે છે તેમાંથી ફક્ત ટુંક ટુંક ધ્યાનમાં લેવા મતલબ લખવામાં આવે છે.

૧—જે મસલો પુછે તેનો જવાબ મુજતહેદને માલુમ હોવો જોઇએ. ૨—બીજો કોઇ મુજતહેદ ન હોય, અથવા હોય તો તેની પાસે પુછનાર જઇ શકતો ન હોય. ૩—તે પુછવાથી મતલબ અમલ કેવી રીતે કરવો તે જાણુવાનો મતલબ હોવો જોઇયે, નકે ફક્ત જાણુવા ચાહે કે ફલાણી બાબતનો હુકમ શું હશે. ૪—તે મસલામાં એહતીયાત થઇ શકતી ન હોય વી૦ ૫—જે મસલો પુછે તે જાણવો [illegible]ને લાઝીમ હોવો જોઇએ, ૬—તે મસલાનો જવાબ [illegible]માં મુજતહેદને પોતા અથવા બીજા મોઅમેનો માટે [illegible]નો ખોફ ન હોવો જોઇએ વી૦ કેમકે ફસાદ થવાનો [illegible] હોય તો જવાબ આપવો હરામ છે. ૭—મુજતહેદ [illegible] હોય કે આ શખસને મનેજ પુછવાની તકલીફ [illegible] ૮—એ મસલો કહેવાથી તે કરતાં વધારે વાજીબ કા[illegible] [illegible]માં ખલલ આવતો ન હોય, જેમકે કોઇ ડુબતાને બચાવવો હોય વી૦ **વસ્સલામ.**

૬ બહરેગમ જેમાં જુદા જુદા શાએરોએ બનાવેલા ૧૦ મરસીયા ચુંટીને મોટા હરફમાં છાપ્યા છે. ૬૮ પેજની કીતાબ છે કીંમત ચાર આના પોસ્ટેજ ૦)ાા **૭** રાહેનજાત ૪ થી કીતાબ રૂ૧) **૮** રાહેનજાત ૫ મી કીતાબ રૂ૧) **૯** રાહેનજાત ૯ મી કીતાબ રૂ૧)

૧૦ અહવાલુન્નીસા ખાસ ઓરતોના અહવાલમાં કીસ્સા હીકાયતો મસાએલ વી૦ ની પોસ્ટેજ સુધાં રૂ ૧ાઃ આફ્રીકા વી૦ નો રૂ ૧ાા

૧૧ હુરરેબેબહા પંજેતને પાક નવ ઇમામ મળી ૧૪ માઅસુમ અ૦ ના અહવાલની પોસ્ટેજ સુધાં રૂ ૧ાઃ આફ્રીકા વી૦ રૂ ૧ાા

૧૨ મખઝનુલ મસાએલ જેમાં ખુદાની વહદાનીયત, સાબેતી અદાલત, ઇમામત, નબુવ્વત, ઇલમ વઝુ, ગુસલ નમાઝ, રોઝા હજ ઝકાત, ખુમસ, તથા મઇયતને લગતી કફન, દફન, ગુસલ જનાઝા વી૦ વી૦ ની બાબતો ઉંચા કાગળ વાળીનો રૂ ૧) હલક કાગળ વાળીનો રૂ ૦ાાા પોસ્ટેજ ૦)ઃ આફ્રીકાના રૂ ૦ા

૧૩ ગુલઝારે **કરબલા** જનાબે ઇમામે હુસયન અ૦ ના નુરથી તે તેઓની શહાદત સુધીનો જાણવાજોગ અહવાલ પાકા પુંઠા સાથે કીંમત રૂ ૧ા પોસ્ટેજ ૦)ઃ આફ્રીકા ૦ા

૧૪ ઝાદુલઆખેરત ૧૦ મજલીસની કીતાબ પોસ્ટેજ સુધાં રૂ૦ાાઃ આફ્રીકાના રૂ ૦ાાા પાકા પુંઠાના ૦)≡ વધારે.

૧૫ માબાપની હકની કીતાબ રૂ ૦ા

૧૬ સઝાએઝુલમ મુખ્તાર વી૦ ખુનનો બદલોલીધાનોઅહવાલરૂ૦ા

૧૭ નહરેગમ ૮૨ નવહા ૧૨ સલામ પાંચ મુનાજાત દેઃરૂદ વી૦ વી૦ રૂ ૦ાઃ આફ્રીકાનો રૂ ૦ાા

૧૮ બોલોહર અને મુઝાસુફનો રસીક કીસ્સો રૂ ૦ા

૧૯ મફાતીહુલ જીનાન મસાએલની ઉરદુ હરફ અને ઉરદુ બાષામાં ૦ાઃાા આફ્રીકા વી૦ ના રૂ૦ાઃ

૨૦ તમીમઅનસારીનો રસીક કીસ્સો રૂ૦ા

૨૧ તવરેતના ૪૦ સુરાનો તરજુમો ૦)= પોસ્ટેજ ૦॥)
૨૨ રવનકે માલ ૩૬ નબીઓની ૦)=
૨૩ મેઅરાજનામા મેઅરાજનો અહવાલ ૦)≡
૨૪ રાહેઇમાન ઉસુદ્દીન ફુરૂએદીન વી૦ કાવ્યમાં ૦)=
૨૫ નેઅમત જેમાં ગોસ્ત ખાવા શીકાર કરવા હલાલ કરવા વી બાબતો છે ૦)=

૨૬ તઅવીઝ અઅઝમ બલા અને આફતોથી બચવાનું તાવી ૦)-॥ ગમે તેટલાં લીયે પો. ૦)॥

૨૭ રૂબાઇયાત ૨૦૦ ૦)- પો.૦)॥

૨૮ ઊમદા મોઅજીઝો ૦)- પો. ૦)॥
૨૯ ચહેલઆઅસુમ અ૦ના નામનું ઝાડ૦)॥ ગમે તેટલાં લ્યો પો૦)॥
૩૦ હ૦ અલી અ૦ નું બાજુબંધ ૦)॥ અને ૦)- ના ૩ પો.૦)॥
૩૧. ખયબરની લડાઇ ૦)- પોસ્ટેજ ગમે તેટલી લીયો ૦)॥
૩૨ ઇસ્લામી તારીખનું વારીખો સાથે ખુદાના પ્રસંગ પણ જોવા થાય રાખે ત્યાંથી શેતાન ભાગે અને બરકત થાય કીંમત ૨૦॥

૩૩ વઝીફા જેની અંદર જાત જાતની બીમારી, બલા, ઝાલીમોના જુલમ દુર થવા, માલ દોલત મળવા કરજ અદા થવા. હાજતો પુરી થવાની દોઆ નમાઝ અમલ ખુદાના ૨૫ પ્રસંગની ખાસીયત વીગેર અને કેટલીક આયતો અને સુરા તેની ખાસીયત સવાબ વી૦ વી૦ બાબતોછે તેના ૮૦ પેજછે હદીયો પોસ્ટેજ સુધાં ૦)=ના આઠનો ૩૦॥
૩૪ તાલીમુન્નીસા (ઓરતોની તાલીમ) છપાય છે.

ખાસ બાઇઓના દીન અને દુન્યાના સુધારા માટે, આ રીસાલામાં મોટી ઉમ્મરની બાઇઓને શીખવા માટે ઇસ્લામી શબ્દ ગુજરાતીમાં, અને ક-કા બારાખડી વી૦ શુરૂઆતમાં આવશે.

ગાહેકજાતના ગ્રાહકોને ભારે ન પડે તેથી તેઓ પાસેથી ફકત ૦॥= બીજાઓ પાસેથી ૦॥= પોસ્ટેજ સરવે પાસેથી ૦)=

લ૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ અધીપતી રાહેનજાત અને ગુરેઇમાન. અમદાવાદ પાંચપટ્ટી.